# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ!

ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ ભગવદ્ગીતા વચ્ચે અવિનાભાવ સંબંધ છે. શ્રીકૃષ્ણ તો અનંત છે, તેમના વ્યક્તિત્વનાં અનંત પાસાં છે. આ સર્વ પાસાંઓમાં પ્રધાન પાસું કયું છે? ગીતાના ગાયક શ્રીકૃષ્ણ! શ્રીમદ્ ભગવદ્ગીતા આપીને ભગવાન શ્રીકૃષ્ણે ભારતને, ભારતીય અધ્યાત્મવિદ્યાને, સનાતનધર્મને અને ભારતીય સંસ્કૃતિને જે પ્રદાન કર્યું છે, તે અદ્વિતીય છે.

ભગવાન શ્રીકૃષ્ણ બંસીવાદન પણ કરી શકે છે અને સુદર્શન પણ ધારણ કરી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકાનગરીની સંસ્થાપના પણ કરી શકે છે અને અર્જુનના રથના સારથિ પણ બની શકે છે.

અમે તો 'શ્રીકૃષ્ણ' એટલું જ બોલીએ તો અમારા રોમેરોમ પ્રેમ અને આનંદ ઝણઝણી ઊઠે છે. કૃષ્ણ એટલે પ્રેમ અને આનંદ! અને ગીતા? ગીતાનો મહિમા કેવો અને કેટલો?

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तारेः।

આપણા સનાતન ધર્મના બે જ ગ્રંથો આગળ 'શ્રીમદ્' શબ્દ લાગે છે.

૧. શ્રીમદ્ ભગવદ્ગીતા

૨. શ્રીમદ્ ભાગવત

પ્રથમ ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણની વાણી છે.

દ્વિતીય ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું કથન છે.

આવા છે અમારા શ્રીકૃષ્ણ!

અને આવી છે અમારી શ્રીમદ્ ભગવદ્ગીતા.

કોઈ વાચકને પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે આ ગ્રંથમાં બે વિષય છે - શ્રીકૃષ્ણ અને ગીતા અને અમે આ ગ્રંથનું નામ પણ એવું જ આપ્યું છે - શ્રીકૃષ્ણ અને ગીતા.

આમ છતાં અમારા હૃદયનો ભાવ એવો છે કે આ ગ્રંથમાં બે વિષયો નથી. એક જ વિષય છે. શ્રીકૃષ્ણ અને ગીતા જુદાં જુદાં નથી. શ્રીકૃષ્ણ ગીતા છે અને ગીતા શ્રીકૃષ્ણ!

અને યાદ રહે!

ગીતાનું ખરું નામ છેઃ

'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'.

આ સમાસને બે રીતે સમજાવી શકાય છે. ૧. ભગવાને કહેલી ગીતા. ૨. ભગવદ્ સ્વરૂપિણી ગીતા.

ભગવાન શ્રીકૃષ્ણ અવતારવરિષ્ઠ છે અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા ગ્રંથવરિષ્ઠ છે.

સનાતન ધર્મમાં પ્રસ્થાનત્રયી છે. પ્રસ્થાનત્રયીમાં ત્રણ પ્રસ્થાન ગ્રંથો છે.

૧. ઉપનિષદો

૨. બ્રહ્મસૂત્ર

૩. શ્રીમદ્ ભગવદ્‌ગીતા

બ્રહ્મસૂત્ર ઉપનિષદોની શાસ્ત્રીય મીમાંસા અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપનિષદોનો સારભાગ છે.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत॥

*'સર્વ ઉપનિષદો ગાયો છે. ગાયોને દોહનાર ભગવાન ગોપાલનંદન શ્રીકૃષ્ણ છે. અર્જુન વાછરડો છે અને ગીતારૂપી અમૃત દૂધ છે.'*

શ્રીમદ્ ગીતાનો મહિમા અપરંપાર છે. અનેક રીતે અને અનેક સ્વરૂપે ગીતાનો મહિમા છે. આમ છતાં ગીતાનો સૌથી મોટો મહિમા છે - ગીતા ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી કહેવાયેલી છે.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અપરંપાર અવતારકૃત્યો થયાં છે. આ સર્વ અવતારકૃત્યોમાં તેમનું સર્વોચ્ચ અવતારકૃત્ય કયું છે?

માનવું ન માનવું, તે તમારી ઇચ્છાની વાત છે, પરંતુ અમે અમારો મત કહીએ છીએ - ભગવાન શ્રીકૃષ્ણનું સર્વશ્રેષ્ઠ અવતારકૃત્ય છે - 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા!'

અહીં આ ગ્રંથમાં શ્રીકૃષ્ણલીલાનાં પ્રકરણો છે અને સાથે સાથે શ્રીમદ્ ભગવદ્ગીતા વિષયક પ્રકરણો છે. અમે ગીતા વિશે પ્રધાનતઃ ગીતાની અધ્યાત્મવિદ્યાનું કથન કર્યું છે.

શ્રીકૃષ્ણ વિશે કલમ ચાલે અને શ્રીમદ્ ભગવદ્ગીતા વિશે કલમ ચાલે, તેમાં અમારી કલમની ધન્યતા છે અને અમારા માટે છે પ્રેમ અને આનંદ!

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌનો આભાર માનીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન!

સૌનો આભાર!


**– ભાણદેવ**

*સરસ્વતી નિકેતન આશ્રમ, પટેલ વિદ્યાલય પાસે,*
*જોધપર (નદી) વાયા - મોરબી - ૩૬૩૬૪૨*

# રાસલીલા-રહસ્ય

દશમ સ્કંધ શ્રીમદ્ ભાગવતનું કેન્દ્ર છે. રાસલીલા દશમ સ્કંધનું હૃદય છે. ભગવાન શ્રીકૃષ્ણની અનંત અગણિત લીલાઓ છે. તેમાં રાસલીલા શિરમોર છે. રાસલીલાનું રહસ્ય સમજાય તો કૃષ્ણલીલાનું રહસ્ય સમજાય છે. કૃષ્ણલીલા અગાધ અને ગહન રહસ્યોથી ભરપૂર છે. માનવમન તેનો પાર ન પામી શકે, પરંતુ કૃષ્ણલીલાને કંઈક પામવા માટે, કૃષ્ણલીલાના રહસ્યને અલ્પાંશે પામવા માટે, કૃષ્ણલીલાના રહસ્યભવનમાં સહેજ પ્રવેશ માટે રાસલીલા-રહસ્ય જાણે કે દ્વારસમાન છે.

રાસલીલા એક ઐતિહાસિક ઘટના છે. આ પૃથ્વી પર, આ ભારતવર્ષમાં, વૃંદાવનની પુણ્યભૂમિમાં ક્યારેક ઇતિહાસની કોઈ ક્ષણે રાસક્રીડા રચાઈ હતી. ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની વહાલી ગોપીઓએ ક્યારેક આ વ્રજધામમાં રાસલીલાનું આ મહાનૃત્ય આચર્યું હતું. રાસલીલા કવિઓની મનોકલ્પના નથી. ઐતિહાસિક ઘટના છે.

રાસલીલાના સ્વરૂપને અને તેના રહસ્યને સમજવા માટે આ હકીકતને સતત દૃષ્ટિ સમક્ષ રાખવી જોઈએ કે આ લીલાના અધિનાયક ભગવાન શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ છે. ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણની નિત્યસખીઓ છે, તેમના નિત્યપરિકરો છે. આ મહારાસલીલા સામાન્ય માનવીઓની ક્રીડા નથી, પરંતુ પુરુષોત્તમ અને તેમની નિત્યસંગિનીઓની લીલા છે. સામાન્ય માનવીઓનો આ રાસલીલામાં પ્રવેશ જ નથી. દેવો અને દેવાંગનાઓ પણ આ રાસલીલામાં પ્રવેશ પામવા આતુર રહે છે, પરંતુ પ્રવેશ પામતાં નથી. તેઓ આ રાસલીલાનાં દર્શન પામીને ધન્ય થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની પ્રિયતમા ગોપીઓ દ્વારા રચાયેલી આ મહારાસલીલા એક ઐતિહાસિક ઘટના તો છે જ, પરંતુ શ્રીમદ્ ભાગવત ઐતિહાસિક ગ્રંથ નથી. અહીં માત્ર ઐતિહાસિક ઘટનાઓનું યથાર્થ વર્ણન

નથી. શ્રીમદ્ ભાગવત મૂલતઃ અધ્યાત્મગ્રંથ છે. રાસલીલા ભાવજગતની એક રહસ્યપૂર્ણ ઘટના છે. રાસલીલા ચિન્મયજગતની નિત્ય ચિન્મયી લીલા પણ છે. ભાવજગતની રાસલીલાનો એક અંશ આ પૃથ્વી પર વૃંદાવનમાં ઊતરી આવ્યો છે, જેને આપણે ઐતિહાસિક રાસલીલા ગણીએ છીએ. પૃથ્વી પરની આ રાસલીલા ભાવજગતની રાસલીલાનું ઝાંખું પ્રતિબિંબ છે. શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી રાસલીલામાં આ ભાવજગતની ચિન્મયી રાસલીલાનાં તત્ત્વો પણ ભળેલાં છે.

શ્રીમદ્ ભાગવતની કથાઓની એક વિશિષ્ટતા છે કે આ કથાઓ આધ્યાત્મિક સત્યોને અભિવ્યક્ત કરનાર માધ્યમો છે. આ કથાઓ સાંકેતિક આધ્યાત્મિક કથાઓ પણ છે. રાસલીલાની કથામાં પણ આવાં આધ્યાત્મિક સાંકેતિક તત્ત્વો છે. રાસલીલાની આ કથા દ્વારા સાંકેતિક પદ્ધતિથી અધ્યાત્મજગતનાં રહસ્યો પણ વ્યક્ત કરવામાં આવે છે. રાસલીલાના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરતી વખતે આ પાસાની પણ અવગણના ન કરવી જોઈએ.

કણ અને બ્રહ્માંડમાં રાધા-કૃષ્ણનું નૃત્ય અવિરત સ્વરૂપે ચાલી રહ્યું છે. આ પણ ભગવાનની રાસલીલાનું એક રૂપ છે. રાસલીલાના વર્ણનમાં આ બ્રહ્માંડીય રાસલીલાનું તત્ત્વ પણ ભળેલું છે, તેથી આ પરિબળની પણ આપણે ઉપેક્ષા ન કરી શકીએ.

આટલી ભૂમિકા ચિત્તમાં રાખીને હવે આપણે ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓની આ દિવ્ય રાસલીલાના રહસ્યાર્થને યત્કિંચિત્ સમજવાનો પ્રયત્ન કરીએ.

ભગવાને ગોપીઓના ચીરનું હરણ કર્યું છે. ચીરહરણલીલા પછી જ ગોપીઓને રાસલીલાનો અધિકાર પ્રાપ્ત થયો છે. ચીરહરણલીલા દ્વારા ગોપીઓના અજ્ઞાનરૂપી આવરણનો સર્વથા ભંગ થયો છે. ગોપીઓનું સમર્પણ પૂર્ણ થયું છે. હવે ભગવાન અને તેમની વચ્ચે કોઈ આવરણ, કોઈ અંતર રહ્યું નથી. ચીરહરણલીલાના દ્વારમાં થઈને ગોપીઓ રાસલીલામાં પ્રવેશ પામી છે.

ભગવાને રાસલીલાનો સંકલ્પ કર્યો છે. रन्तुं मनश्चक्रे योगमाया मुपाश्रितः। યોગમાયાનો આશ્રય કરીને ભગવાને રાસક્રીડાનો સંકલ્પ કર્યો છે. ચીરહરણલીલામાં ગોપીઓના નિઃશેષ સમર્પણથી પ્રસન્ન થઈને ભગવાને તેમને શારદીય રાત્રિઓ દરમિયાન રાસલીલાનું વરદાન આપ્યું. પોતાની વહાલી

ગોપીઓની મનોકામના પૂર્ણ કરવા માટે ભગવાને શરદપૂર્ણિમાની રાત્રિના પ્રારંભે રાસલીલાનો સંકલ્પ કર્યો છે. તે માટે ભગવાને પોતાની યોગમાયાનો આશ્રય કર્યો છે. ભગવાન માયાનો નહીં, પરંતુ યોગમાયાનો આશ્રય કરે છે. માયા અવિદ્યારૂપિણી શક્તિ છે. યોગમાયા વિદ્યારૂપિણી શક્તિ છે. સામાન્ય જીવ માયાથી પ્રેરાઈને વાસનાબદ્ધ બનીને કર્મ કરે છે. ભગવાન પોતાની વિશિષ્ટ શક્તિ યોગમાયા દ્વારા સર્વતંત્રસ્વતંત્ર રહીને લીલાનું આચરણ કરે છે. યોગમાયા ભગવાનને રાસલીલા માટે આવશ્યક સંયોગોનું નિર્માણ કરે છે. ભગવાન યોગમાયાનો આશ્રય કરે છે, તેનો અર્થ એમ કે ભગવાન યોગમાયાને રાસલીલા માટે ઉપયુક્ત સંયોગોનું નિર્માણ કરવા માટે આજ્ઞા કરે છે.

હવે ભગવાન બંસીનાદ દ્વારા ગોપીઓને રાસલીલા માટે આહ્‌વાન કરે છે. પરમાત્મા સનાતન કાળથી અને અનવરત સ્વરૂપે જીવાત્માને પોતાની પાસે બોલાવી રહ્યા છે. પરમાત્મા જીવાત્માને સંકેત કરે છે, 'ભાઈ! તમારું સાચું સ્થાન અહીં મારા સાંનિધ્યમાં છે. તમે અહીં આવો.' જીવને પોતાની પાસે બોલાવવા માટે પરમાત્મા જે સાદ કરે છે, તે જ બંસીનાદ છે. ભાગ્યશાળી જીવો પરમાત્મા આ સાદ - બંસીનાદ સાંભળે છે અને પરમાત્મા પાસે જવા માટે આતુર બની જાય છે. આવા જીવો 'ગોપી' ગણાય છે. ભગવાનના આહ્‌વાનનો આ અનાહત ધ્વનિ સદૈવ ગુંજતો હોય છે. અહીં આ અનાહત ધ્વનિને 'બંસીનાદ' કહ્યો છે. પરમાત્માના આ આહ્‌વાનના બંસીનાદને સાંભળીને જે પરમાત્મા તરફ અબાધિત ગતિથી દોટ મૂકે છે તેને અહીં 'ગોપી' કહી છે.

ગોપીઓ પોતાના ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો છોડીને ભગવાન તરફ દોડે છે. ભક્તના ચિત્તમાં અને હૃદયમાં જ્યારે તીવ્ર ભક્તિભાવનો ઉદય થાય છે, તેની ભગવાન તરફની ગતિ અપ્રતિહત બની જાય છે તે વખતે લૌકિક અને વૈદિક બંધનો પણ તેને રોકી શકતાં નથી. ભક્ત (ગોપી) ભગવાન (કૃષ્ણ) પ્રત્યે તીરની જેમ છૂટે છે.